# પ્રકરણ-૧૮

(નિયમ સંગ્રહ-૧૭)

# અન્ય ઉપયોગી માહિતી

# પ્રકરણ -૧૮
# (નિયમ સંગ્રહ - ૧૭)

### અન્ય ઉપયોગી માહિતી

**૧૮.૧ લોકો દ્વારા પૂછાતા પ્રશ્નો અને તેના જવાબો.**

**પ્રશ્નઃ-** સમાજ સુરક્ષા ખાતુ કોના માટે કામ કરે છે ? ખાતા વડા કોણ છે અને તેની ઓફિસ ક્યાં આવેલી છે ?

**ઉત્તરઃ-** સમાજ સુરક્ષા સમાજના વર્ગો જેવા કે, અનાથ, નિરાધાર, તરછોડાયેલા કે ગુન્હાવૃત્તિ તરફ વળેલા બાળકો, યુવાન, તરૂણ વયના ગુનેગારો સંજોગોના ભોગ બનેલી મહિલાઓ અને બાળાઓ, બહેરા-મુંગા, અંધ, અપંગ, શારીરિક અને માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ, નિરાધાર વિધવા, ત્યક્તા મહિલા, વૃધ્ધો અને અશકતો તેમજ ભિક્ષુકોનું કલ્યાણ તેમજ પુન-વસવાટ માટેની કામગીરી કરે છે. તેના વડા નિયામકશ્રી સમાજ સુરક્ષાના હોય છે. તને કચેરીનું સરનામું આ પ્રમાણે છે. " નિયામક, સમાજ સુરક્ષા ખાતુ,. બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગર-૩૮૨૦૧૦"

**પ્રશ્નઃ-** દરેક જિલ્લમાં જાહેર માહિતી અધિકારી કોણ છે ? અપીલ અધિકારી કોણ છે ? તેની વિગતો આપો.

**ઉત્તરઃ-** દરેક જિલ્લામાં બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને જાહેર માહિતી અધિકારી તરીકે જાહેર કરેલ છે અને નિયામકશ્રી (હાલ શ્રી એફ.પી.હાલાણી)ને અપીલ અધિકારી તરીકે જાહેર કરેલ છે.

**પ્રશ્નઃ-** વિધવા સહાય મેળવવાની પાત્રતા શું છે? તેના માટે કઈ કચેરીનો સંપર્ક કરવો, અરજી સાથે ક્યાં પુરાવા રજૂ કરવા તેની વિગતો આપો.

**ઉત્તરઃ-** વિધવા સહાય મેળવાવની પાત્રતા નીચે મુજબ છે.

૧. બહેન વિધવા હોવા જોઈએ.

૨. આવક મર્યાદા- વ્યક્તિગત રૂા.૨,૪૦૦/- અને કૌટુંબિક રૂા.૪,૫૦૦/- સુધી હોવી જોઈએ.

૩. પુખ્ત વયનો પત્ર હોવો જોઈએ નહિ.

૪. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષથી વસવાટ કરતાં હોવા જોઈએ.

☞ આ લાભ લેવા માટે ગ્રામ્ય કક્ષાને લાભાર્થી માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને શહેરી વિસ્તાર માટે પ્રાંત અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો રહે છે.

☞ આ લાભ લેવા માટે અરજી સાથે નીચે મુજબના પુરાવા રજૂ કરવા.

૧ રેશન કાર્ડની નકલ.

૨. પતિનું મૃત્યુ પ્રમાણપત્ર.

૩. અરજીદારની ઉંમરની દાખલો.

૪. બાળકોની ઉંમરનો આધાર

૫. આવકનો આધાર.

૬. પાસપોર્ટ સાઈઝનો ફોટા.

(તમામની પ્રમાણિત કરેલ નકલો બિડવી)

## ૧૮.૨ માહિતી મેળવવા અંગે.

- અરજી પત્રક (સંદર્ભ માટે ભરેલા અરજી પત્રકની નકલ)

**નમૂનો - "ક'**

**માહિતી માગવા માટેની અરજીનો નમૂનો**

**(જુઓ નિયમ-૬)**

આઈ.ડી. નં.

(કચેરી ઉપયોગ માટે)

પ્રતિ,

સરકારી માહિતી અધિકારીશ્રી,

(કચેરીનું નામ લખવું)

૧. અરજદારનું નામઃ-

૨. સરનામું-

૩. માહિતી વિગતોઃ-

સંબંધિત વિભાગઃ-

મોગેલી માહિતીની વિગતોઃ-

૧. માગેલી માહિતીનું વિવરણઃ-

૨. માંગલી માહિતીનો સમયગાળોઃ-

૩. અન્ય વિગતોઃ-

૪. હું જણાવું છું કે, માંગવામાં આવેલી માહિતી અધિનિયમની કમલ-૬ માં મૂકવામાં આવેલ પ્રતિબંધો હેઠળની નથી અને મારી સંપૂર્ણ જાણ કારીકારી મુજબ તે આપની કચેરીને લગતી છે.

૫. સક્ષમ અધિકારીની કચેરીમાં તા. ના નં. થી . . . . . . . . રૂ. ની ફી જમા કરાવી છે.

સ્થળઃ-

તારીખઃ-

ઈ-મેઈલ સરનામું, જો હોય તો,

ટે. નં. ૯કેચરી)

ઘર

**નોંધઃ--**

૧. નમૂનો 'ક' ભરવામાં સરકારી માહિતી અધિકારી યોગ્ય મદદ કરી શકે.

૨. ફોર્મ- 'ક' તમામ બાબતો પુરેપુરં ભરવું અને જરૂરી માહિતીની વિગતો પુરી પાડવામાં કોઈ સંગિગ્ધતા ન રહે તે સુનિશ્તિ કરવું.

**- ફીઃ- અરજી માટેની નિયત ફી રૂ. ૨૦/- છે.**

**- માહિતીનો ઈન્કાર કરવામાં આવે તેવા વખતે નાગરિકના અધિકાર અને અપિલ કરવાની કાર્યવાહી -**

માહિતીનો ઇન્કાર કરવામાં આવે તેવા વખતે નાગરિકે અપિલ અધિકારી અને નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગુ.રા., બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગરને જરૂરી પુરાવા સાથે સમય મર્યાદામાં અપીલ કરવી.

**૧૮.3 જાહેર તંત્ર દ્વારા લોકોને અપાતી તાલીમની બાબતમાં -**

- લાગુ પડતું નથી.-

**૧૮.૪ નિયમસંગ્રહ - ૧૩ માં સમાવિષ્ટય ન કરાયેલ હોય તેવા, જાહેર તંત્રએ આપવાનાં પ્રમાણપત્રો, ના-વાંધા પ્રમાણપત્ર-**

- લાગુ પડતું નથી.-

**૧૮.૫ નોંધણી પ્રક્રિયા અંગેઃ-**

- લાગુ પડતું નથી.-

**૧૮.૬ જોહર તંત્રે કર ઉધરાવવા અંગેઃ-**

(મ્યુનિસિપલ કોર્પોરેશન, વ્યવસાય પેરો, મનોરંજન વેરો વગેરે)

- લાગુ પડતું નથી.-

**૧૮.૭ વીજળી / પાણીનાં હંગામી અને કાયમી જોડાણો આપવા અને કાપવા અંગેઃ-**

**(આ બાબત મ્યુનિસિપલ કોર્પોરેશન / નગર પાલિકા / યુપીસીએલ ને લાગું પડશે.)**

- લાગુ પડતું નથી.-

**૧૮.૮ જાહેર તંત્ર દ્વારા પુરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગતઃ**